<u>ક્રિ.પ.અ. નં.૨૨૮/૨૦૧૫</u>

## <u>આંક–૧ લગત હુકમ</u>

ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના અન્વયે તા.૨૨/૦૮/૧૫ ના રોજ દાખલ કરવામાં આવેલી છે. જે ફરીયાદ પરચુરણ અરજી રજીસ્ટરે લેવામાં આવેલી છે. આ કામે કેસનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ વંચાણે લેતાં ફરીયાદી તરફે કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે ઘણા સમયથી ફરીયાદી કે ફરીયાદીના વિ. વકીલશ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેતા નથી તેમજ કોર્ટમાં હાજર રહી કેસ આગળ ચલાવવા સક્રિયપણે પ્રયાસ કરેલા હોય તેવું જણાતું નથી. આ કામે ફરીયાદીએ છેલ્લે તા.૨૨/૦૬/૧૬ ના રોજ સુધારા અરજી આપી ચેકની તારીખમાં તા.૨૮/૩/૧૫ નો સુધારો ગ્રાહય રાખવા અને સુધારો કરી આપવા અરજ ગુજારેલ છે. જે કામે સામાવાળાને નોટિસ કાઢવાનો પણ હુકમ થયેલો છે. પરંતુ ત્યારબાદ આ કામે ફરીયાદી કે તેઓના વિ. વકીલશ્રી અદાલતમાં હાજર રહેતા નથી. જેથી કામ આગળ ચાલતુ નથી. આ સંજોગોમાં કામને આ જ તબકકે મુકી રાખવામાં આવે તો તેનો કોઈ નિકાલ થઈ શકે તેમ નથી. આ ઉપરાંત હાલના કામનું રેકર્ડ વંચાણે લેતાં સદર ફરીયાદ સને ૨૦૧૬ માં દાખલ કરવામાં આવેલી છે. વધુમાં હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ છે અને તેમાં કામ આગળ ચલાવવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે. આમ, હાલના કામે ફરીયાદી હાજર રહેતા નથી અને કામને આગળ ચલાવતા નથી. ફરીયાદીની

ગેરહાજરીના કારણે કામ આગળ ચાલતુ નથી. આ સંજોગોમાં કામને આ જ તબકકે મુકી રાખવામાં આવે તો તેનો કોઈ નિકાલ થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં ઉપરોકત વર્તનને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવાય અને ફરીયાદ પક્ષના ઉપરોકત વર્તન ઉપરથી એ હકીકત માનવાને પુરતુ કારણ રહેલ છે કે, ફરીયાદીને હાલની ફરીયાદ વધુ આગળ ચલાવવામાં રસ નથી અથવા તેઓને ફરીયાદ વાળા તકરારી ચેકના નાણાં મળી ગયેલા છે. જેથી ઉપરોકત કારણોસર તેઓની ફરીયાદ રદ થવાને પાત્ર છે. તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૬ ને વંચાણે લઈ હાલની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે રદ થવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

ફરીયાદીની ગેરહાજરીના કારણે હાલની આ અરજી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૬ માહે નવેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મેહુલ દેવદાસભાઈ પરમાર)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં.૩૭,અમદાવાદ

૨૬/૧૧/૨૦૧૮
અમદાવાદ.